જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૦૫/૨૦૧૭ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી, ૯૯ લીટર દેશી દારૂ અને ૧૪૪ બીયરટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૦૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૫૧૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૦૩/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૧૦૦૪/૧૭**

**જી.આઇ.ડી.સી.વટવા** : અનીલકુમાર અનંતરામ પંડિત (ઉ.વ.૪૨)(રહે,ગોકુલ ગોલ્ડ એપાર્ટમેન્ટ, ઈન્દ્રપુરી ટાઉનશીપ જશોદાનગર) એ તા.૧૦/૫/૧૭ નારોજ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૫/૨૦૧૬ થી તા.૧૦/૦૫/૧૭ સાંજના ૬/૦૦ વાગ્યા દરમ્યાન આરોપી (૧)સંજયકુમાર હસમુખલાલ મીસ્ત્રી (રહે.સ્વામી બાપુ એપાર્ટમેન્ટ, દિનેશ ચેમ્બરની સામે સૈજપુર બોઘા) (૨) શૈલેષકુમાર કૈલાશપ્રસાદ સીંગ અને (૩)શશીકુમાર કૈલાશપ્રસાદ સીંગ (બંને રહે.ઓમ શાંન્તી ભામરીયા કુવા લાંભા) ભેગામળી અનીલકુમારને વિશ્વાસમાં લઇ, જીઆઈડીસી વટવા ફૈઝ-૧ મારૂતી ઈન્ડસ્ત્રીઝમાં ઈન્ટીગ્રેટેડ ફલેક્સેબલ પેકેજીંગ નામની ફેકટરીમાં અનીલકુમારનાં મશિન ફિટ કરી બાદમાં ફેકટરી બંધ કરી, અનીલકુમારે ફેક્ટરીમાં રોકેલા નાણા કુલ રૂપિયા ૪,૫૩,૧૪૩/- પરત નહીં કરી, અનીલકુમાર સાથે વિશ્વાતઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.ઠાકોર ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૦૦૫/૧૭**

**સરદારનગર** : કોકીલાબેન વા/ઓ રમેશચંદર પટેલ (રહે,રાધા રેસીડેંન્સી, અવસર પાર્ટી પ્લોટની પાછળ સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૧૭ સાંજનાં ૬/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કોકીલાબેન નાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૩૪,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.જે.ખરસાણા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**પર્સ ઝુંટવી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૦૦૬/૧૭**

**વાડજ** : પુનમબેન વા/ઓ રાકેશભાઇ પંચાલ (ઉ.વ.૩૮)(રહે,વિરનગર સોસાયટી ગાયત્રી હોસ્પિટલની બાજુમા કિરણપાર્ક ભીમજીપુરા નવાવાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૧૭ સાંજનાં ૬/૩૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરનાં કંમ્પાઉન્ડ દરવાજા પાસે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૦ થી ૨૨ વર્ષના આશરાના) પુનમબેનની નજરચુકવી રોકડા રૂપીયા ૨૦,૦૦૦/ તથા બી.આઇ.ઓ.એ.ટી.એમ. કાર્ડ તથા ડ્રાઇવીગ લાયસન્સ સહીતનાં પાકીટની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.બી.બુબડીયા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૦૭/૧૭**

**ઘાટલોડીયા** : અખીલભાઇ સુનીલભાઇ પટેલ (રહે,ન્યુ સુર્યનારાયણ સોસાયટી, વિ-૧ પારસમણી ફ્લેટની બાજુમાં રત્નાપાર્ક ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૦/૦૫/૧૭ સવારનાં ૧૧/૩૦ થી ૧૧/૪૦ વાગ્યા દરમ્યાન પોતાની જીમ એગ્રો સર્વીસીસ નામની દુકાન નં.૨૧માં બે અજાણ્યા ઇસમો આવી, અખીલભાઇની નજર ચુકવી તેમની ડાયમંડવાળી સોનાની વિટીં કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- તથા સોનાની લકી કિંમત રૂપીયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૦૦૦/-મત્તાની ચોરી કરી લઇ ગયા છે.આ ગુનાની તપાસ હે.કો.શ્રી ભાવેશભાઇ ગીરીશભાઇ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૦૮/૧૭**

**ઓઢવ** : બળદેવભાઇ સ/ઓ કરમણભાઇ રઇગા (રહે,ગામ: દહીસરા તા.પડધરી જી.રાજકોટ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૫/૧૭ નાં કલાક ૪/૦૦ વાગ્યાનાં સુમારે ઓઢવ રબારી વસાહત મધુવન રોડવેઝ ની ઓફીસની સામે રોડ ઉપર પોતાના માલીક દેવાયતભાઇ અરજણભાઇ બોરીયા (રહે,ખોખડદડ તા. જી.રાજકોટ) નાઓની આઇસર ગાડી નંબર જીજે-૦૩-બીવી-૩૩૦૩ કિંમત રૂપિયા ૯,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ સવારનાં ૭/૩૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૦૯/૧૭**

**ખોખરા** : વિધયાબેન વા/ઓ અશોકભાઇ ખત્રી (ઉ.વ.૬૧)(રહે,ઋષીકેશનગર હરીપુરા હાઉસિંગ ખોખરા) તા.૧૦/૦૫/૧૭ ના કલાક ૧૨/૧૫ વાગ્યાનાં સુમારે પોતાના ઘરે ગેસ ઉપર સ્ટીલના બાઉલમાં દિવેલનું તેલ ગરમ કરતાં હતા દરમ્યાન ભડકો થતા ગેસ બંધ કરી ગરમ દિવેલના તેલવાળા સ્ટીલનાં બાઉલને એક લોખંડની તવી વડે ખસેડવા જતાં, બાઉલમાંથી તેલ છલકાતા, તેઓના શરીરે ઉપર પડતા, મોઢાના ભાગે તેમજ બંને હાથે-પગે તથા પીઠના ભાગે અને છાતી ઉપર દાજી જતાં સારવાર અર્થે તેમને તપન હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.લોઢા ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)